સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

નવસો શૈયાનું થયું પૂજન, ત્રીજીની તૈયારી!
ને ભીડ-ભાડનું થયું ગૂંજન, ત્રીજીની તૈયારી!
ભાગ્યો ભૈ ભાગ્યોનું થયું ભજન, ત્રીજીની તૈયારી!
વિદેશોને મળે મનોરંજન! - ત્રીજીની તૈયારી
(જાગૃત સરકારનું પૂર્વ આયોજન!)

હાઈકુ

રાક્ષસ ઘેર -
બંધાયું છે પારણું -
મોતનાં બચ્ચાં!!
(વુહાન લેબ - જન્મસ્થળ)

રાખો તૈયાર!
બાંધો નવાં સ્મશાનો -
પૂર્વ તૈયારી!!
(અગમચેતી)

ચિંતન

લુબ્ધો ભૂભુજિ લાભાર્થી ॥

ઉપરોક્ત શ્લોક જ્ઞાનસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

રાજા લોભી હોય છતાં પણ તેમની પાસેથી લાભની આશા-અપેક્ષા રાખનાર મૂર્ખ છે.

જે દેશનો રાજા ઉદાર હોય તે દેશની પ્રજાનો ઉદ્ધાર થયા વિના રહેતો નથી. અને જે દેશનો રાજા લોભી હોય, કૃપણ હોય - અસંતોષી હોય તે રાજાને ગમે તેટલું મળે તો પણ બધું ઓછું જ લાગે. આવા લોભી રાજાની દૃષ્ટિ સદૈવ પ્રાને કેમ ચૂસવી, પોતાની પ્રજાનું નાણું કેમ કરીને પડાવી લેવું. તેની સતત વિચારણામાં જિંદગી પૂરી થઈ જતી હોય છે. જેઓ અસંતોષ વશ - લાલચ વશ લોભી રાજા પાસેથી વિશેષ લાભની... વધુ કમાણીની અપેક્ષા રાખે છે તે મૂર્ખ છે.

રાજા ખૂદ વેપારી થઈ કપરાકાળમાં દવા-અન્નનો વેપાર કરી કમાઈ લેવાની અને રાજયની તિજોરી ભરી લેવાની ત્રેવડમાં હોય તેવા લોભી રાજા પાસે કોઈ પણ જાતની દયા-પ્રેમ કે ધનની અપેક્ષા રાખવી નિરર્થક અને મૂર્ખાની જ છે - એટલે તો 'આત્મ નિર્ભર' થવાની સલાહ મળે છે.

સુવિચાર

- દીકરાએ માતાને પૂછ્યું, 'કોમ્પ્યુટર આટલા સ્માર્ટ કેમ હોય છે?' માતાનો જવાબ 'એ પોતાના મધરબોર્ડ'નું માને છે - **નવનીત**
- જીવ જોખમે પરોપકાર કરનારને વંદન, અન્યને માટે મરી ફીટનારને અભિનંદન - **જીવનપાયેય**
- લોકોની વચ્ચે એવી રીતે રહો જેમ જીભ બત્રીસ દાંતની વચ્ચે રહે છે, રહેવાનું બધાનાં 'ટચ'માં પણ દબાવાનું કોઈ નહીં - **એસ. ભટ્ટાચાર્ય**
- ઈતના આસાન નહીં ખુદા કી ઈબાદત કરના, દિલ સે ગુરુર જાયેગા તભી નૂર આયેગા - **ફરીદ મહમ્મદ**
- પચે તો જ બચે... પછી એ જ્ઞાન હોય... અન્ન હોય... કે ધન હોય - **ડો. મૃગેશ વૈષ્ણવ**
- પોતાના સદ્‌ગુણો સિવાય બીજું કશું જ શાશ્વત નથી - **વોલ્ટ વિટમેન**
- આજનું ઔષધ : ચોખાના ઓસામણથી ચહેરો ધોઈ, સાદા પાણીથી ફરી ચહોરો ધોવાથી ચહેરા પર નિખાર આવે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

ઈજિપ્તના સમ્રાટને શતરંજનું ઘેલું લાગ્યું. એમને સૈન્યના હાથી ઘોડાની જગ્યાએ શતરંજના હાથી-ઘોડા દેખાવા લાગ્યા. પોતાની અશ્વશાળાનાં ઘોડાઓની કાબેલિયત ભૂલી ગયા. ગાંડપણની હદ એવી આવી કે એમણે અશ્વશાળાના ઘોડા અને ગજશાળાના હાથીઓને હાંકી કાઢ્યા. કોઈ દરબારીએ કહ્યું કે આમ કરવાથી બાજુના રાજય આપણા પર ચડાઈ કરી શકે છે. જો આમ થશે તો ઘોડા હાથી વગર યુદ્ધ કેવી રીતે લડીશું ? તો સમ્રાટે કહ્યું, 'અરે મારા શતરંજના ઘોડા એવી ચાલ ચાલશે કે વિરોધી રાજા એથી પરાસ્ત થઈ જશે.' એકવાર ખરેખર પરદેશી રાજાના આક્રમણનો ભય જાગ્યો. રાજયમાં ચોમેર દોડધામ મચી ગઈ. સેનાપતિ-પ્રધાનો સૌ ચિંતાતુર બન્યા. હવે શું કરવું ? સમ્રાટને શતરંજની દુનિયામાંથી કઈ રીતે વાસ્તવિક દુનિયામાં લાવવા ? કઈ રીતે યુદ્ધ માટે તૈયાર કરવા ?

આખરે એક ચતૂર પ્રધાને એક ચુનંદો શતરંજનો ખેલાડી શોધ્યો કે જે સમ્રાટને હરાવી શકે. બાજી ખેલાવાની શરુઆત થઈ. રાજાનો શતરંજનો હાથી હટ્યો. ઘોડાની ચાલ નાકામયાબ થઈ. પ્યાદા પણ ટપોટપ પડી ચૂક્યા. હવે સમ્રાટને વાસ્તવિકતાનો ખ્યાલ આવ્યો. આ તો શતરંજના ઘોડા-હાથી છે. યુદ્ધ ખેલનારા સાચા હાથી કે ઘોડા નથી. શતરંજની દુનિયામાં જીવતો સમ્રાટ હવે સાચા હાથી ઘોડાની શોધ કરવા લાગ્યો.

ખેલ તો શતરંજમાં પણ છે અને જીવનમાં પણ છે. પણ માણસે સાચા-ખોટા અને અસલી નકલીનો ભેદ પારખવો જોઈએ. આ ભેદ પારખ્યા વિના જો માનવી ખેલ ખેલતો રહે તો જીવનભર અવાસ્તવિકનો શિકાર બની જશે.

દંભી નેતાઓ માટે ઉદાહરણીય અભિગમ

તંત્રીસ્થાનેથી...

આપણા નેતાઓના વૈભવ વિલાસ સામે પશ્ચિમના દેશોના નેતાઓ કે ઓસ્ટ્રેલિયા-ન્યુઝિલેન્ડ અને ઈઝરાયલ જેવાં રાષ્ટ્રોના વડાઓ કેવી સાદગીભરી જીવનશૈલી ધરાવે છે એનાં અનેક ઉદાહરણ અનેક વાર અખબારોનાં પાને કે સોશિયલ મીડિયામાં જોઈએ છીએ ત્યારે પેલા કવિએ વર્ષો પૂર્વે કકળતી આંતરડી સાથે ગાયેલું એ ગીત આપણને પ્રાસંગિક લાગે છે. 'દેશની ખાજો દયા' જેવી પંક્તિ સાથે કવિએ ગરીબ પ્રજાના પરસેવા પર રાજા-બાદશાહો જેવા લખલૂટ ખરચા કરી અધૂરી એષણાઓ તૃપ્ત કરતા નેતાઓની આપણા દેશમાં તો ખોટ છે જ નહીં. અગાઉ પણ નહોતી એમ ત્યારે પણ નથી. પંડિત જવાહરલાલ નહેરુથી લઈ નરેન્દ્ર મોદી સુધીના વડાપ્રધાનોમાં ગરીબ દેશની ગરીબી સાથે અનુકૂલન સાધીને રહેનારા લાલબહાદુર શાસ્ત્રી કે મોરારજી દેસાઈ જેવા સુભગ અપવાદ પણ હોય છે. પણ એમને લાંબો વખત શાસક કરવાની તક જ નથી સાંપડી. અબજો રૂપિયાનો ખર્ચ કરી વટ પાડી દેવાની મનોવૃત્તિ પર આવા નેતાઓ આત્મસંયમનું નિયંત્રણ નથી રાખી શકતા. આપણા પ્રધાનો પ્રજાનાં નાણાં પર તાગડધિન્ના કરતા ફરે છે અને રાજયપાલો તો કશા કામ વગરના બ્રિટીશ રાજની ગુલામીના અવશેષ સમા ધોળા હાથી જ પુરવાર થતા રહ્યા છે. મુખ્યમંત્રીઓમાં કયાંક કર્પૂરી ઠાકુર, મમતા બેનરજી કે નવીન પટનાયક મળી આવે ખરા જે પ્રજાના પૈસા પોતાના મોજશોખ પાછળ નથી વાપરતા. આપણા પ્રથમ મુખ્યમંત્રી ડૉ. જીવરાજ મહેતા એવા જ એક ઉદાહરણરૂપ મુખ્યમંત્રી હતા. આપણે દુનિયાની શ્રેષ્ઠ લોકશાહી સિદ્ધ નથી થઈ શક્યા એનું કારણ આપણા વૈભવ વિલાસ ભૂખ્યા નેતાઓ છે. શ્રેષ્ઠ લોકશાહીની પ્રતિષ્ઠા અમેરિકાને સાંપડી છે જયાં રાષ્ટ્રપ્રમુખ પોતાનો સામાન જાતે ઊંચકીને શોપિંગ માટે જતો હોય છે. ઓબામાના આવા અનેક પ્રસંગો જાણીતા છે. હમણાં હમણાં ઈંગ્લેન્ડના વડાપ્રધાન બોરીસ જોનસન એકાધિક મુદ્દે વિશ્વનું ધ્યાન ખેંચી રહ્યા છે. તેઓ ઉપડતી ટ્રેન પકડવા રીતસર સામાન્ય પેસેન્જરની જેમ દોડે છે. શોપિંગ માટે સામાન્ય નાગરિકની જેમ ક્યૂમાં ઊભા રહે છે. ત્રીજીવારનું લગ્ન પણ કશી જાહોજલાલી કે તામઝામના પ્રદર્શન વગર સાવ સાદાઈથી ગણતરીના સંબંધીઓની હાજરીમાં કરી લે છે. આ બ્રિટીશ પ્રજાનું હીર છે. લોકશાહી એની રગેરગમાં રસાઈ ગયેલી છે એટલે વડાપ્રધાન પોતાને સાચા અર્થમાં 'પ્રધાન સેવક' સ્વરુપે રજૂ કરતો રહે છે એને એવાં ભાષણો કરવાની કે જાહેરાતો પાછળ ખર્ચ કરવાની જરૂર નથી પડતી. પશ્ચિમના નેતાઓ ભૂલોનો સ્વીકાર કરવામાં પણ પૂરી પારદર્શકતા દાખવે છે. બલકે આ ત્યાંની પ્રજાના નિર્દંભ વ્યવહારનો જ પ્રતાપ છે કે બિલ ક્લિન્ટન મોનિકા લેવિન્સ્કી સાથેના અભદ્ર વ્યવહારની કબૂલાત કરીને દેશવાસીઓની માફી માગી શકે છે. ત્યાંના ધનકુબેરો પોતાની સંપત્તિ જનહિત પાછળ ખર્ચવામાં કૃતાર્થતા અનુભવે છે. કહેવાતા પાપ પણ જેસલ જાડેજાની જેમ જાહેરમાં કબૂલી લેવાની. આ પ્રજાની નૈતિકતા જ પતિ પત્ની તરીકે સાથે નહીં રહી શકવા છતાં લોકસેવા માટેના ફાઉન્ડેશનમાં નિષ્ઠાપૂર્વક સાથે રહેવાની ક્ષમતા બક્ષે છે. ભારતીય નાગરિકના જિન્સમાં હજારો વર્ષો જૂના સાંસ્કૃતિક સંસ્કારો છે. સંસ્કૃતિ અને પ્રકૃતિ એકમેકથી વિરુદ્ધ ચાલે છે. પશ્ચિમના નાગરિકો પાસે એટલી જૂની સંસ્કૃતિ નથી એટલે એમનામાં સંસ્કૃતિની સાથે આવતા દંભ જેવા દુર્ગુણ પણ નથી. એ પ્રાકૃત જીવનની નજીક હોઈ એમને વડાપ્રધાન પદનો હોદ્દો ભોગવતાં ભોગવતાં પરણી જવામાં શરમ નથી આવતી. પરણવું, છૂટાછેડા લેવા એ બધી અંગત બાબતો છે. એટલે પ્રજા પણ એવી બાબતો પ્રત્યે ઉદાસીન રહે છે - એ આવા મુદ્દે નેતાની નુક્તેચીની નથી કરતી. આપણા નેતાઓના સુંવાળા સંબંધો સામાન્ય રીતે ભાગ્યે જ ઉજાગર થતા હોય છે પણ જો થઈ ગયા તો એની ખેર નથી રહેતી. આપણી પરંપરાગત વિચારસરણી ઉત્તરપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અને કોંગ્રેસના દિગ્ગજ નેતા એન.ડી. તિવારીના ધોળામાં ધૂળ નાખીને જંપી હતી.

રાજકપુર લોકોના હૃદયમાં સમાયેલા છે



અજવાળું - અજવાળું
તુષાર જોશી

'ધ ગ્રેટેસ્ટ શો મેન' તરીકે ઓળખાતા અભિનેતા, નિર્દેશક અને નિર્માતા રાજકપુરના ઈન્ટરવ્યુમાંથી એક ક્લીપ હમણાં જોઈ, એમાં તે પોતાની મહત્ત્વાકાંક્ષી ફિલ્મ 'મેરા નામ જોકર' વિશે વાત કરે છે. આ નાનો ઈન્ટરવ્યુ સાંભળીને હું પમ મારા બાળપણના સમયમાં પહોંચી ગયો. નવ વર્ષની ઉંમરે ૧૯૭૧ના પ્રારંભે ભાવનગરના બંદર રોડ પરના સીનેમામાં એકવાર મારા પપ્પા સાથે અને બીજીવાર મારા મારા સાથે આ ફિલ્મ જોઈ હતી. એ પછી પણ એ બે-ત્રણ વાર આ ફિલ્મ મન ભરીને જોઈ છે, દર વખતે કોઈને કોઈ જીવન સંદેશ પ્રાપ્ત થયો છે. વર્ષો સુધી જોકરનું એક સ્ટેચ્યુ પણ અમે ઘરમાં રાખ્યું હતું.

૧૮ ડિસેમ્બર ૧૯૭૦ના રોજ રજૂ થઈ હતી આ ફિલ્મ... ભારતીય સીનેમાની સૌથી લાંબી ફિલ્મ... બે ઈન્ટરવલ હતા. ફિલ્મ રજૂ થઈ ત્યારે ૪ કલાક ૪૩ મિનિટની હતી, બે સપ્તાહ પછી ટુંકાવીન ૪ કલાક ૯ મિનિટની થઈ અને પછી ૧૯૮૬માં ૧૭૮ મિનિટ દર્શાવવામાં આવી એવા ઉલ્લેખો મળે છે... એ સમયે રાજકપુર પોતાનું સર્વસ્વ આ ફિલ્મ માટે દાવ પર લગાવી દીધું હતું... ફિલ્મ સમીક્ષક પ્રહલાદ અગ્રવાલે લખ્યું છે 'એક નિર્દેશક અને કલાકારના રુપમાં રાજકપૂરે પોતાની જિંદગીનું બધ્ધું જ 'જોકર' માં આપી દીધું. ફિલ્મ અસફળ થઈ, પરંતુ આ ફિલ્મમાં રાજકપુરે પોતાના વ્યક્તિત્વ અને રચનાત્મક કૌશલ્યને અભિવ્યક્ત કર્યું છે.'

ખ્વાજા અહેમદ અબ્બાસની વાર્તા અને પાત્રાલેખન, જોકરના જીવનની કરુણ અભિવ્યક્તિ, ભવ્ય ફોટોગ્રાફી, અર્થપૂર્ણ અને પ્રેમથી છલકતું સંગીત, અદ્‌ભૂત અભિનય અને એક એક ફ્રેમમાંથી પ્રગટતો કોઈને કોઈ માર્મિક તાત્ત્વિક સંદેશ... એ સમયે રાજકપુરને દેવામાં ડુબાડી ગયેલી આ ફિલ્મ સર્વકાલીન પુરવાર થઈ... આજે યુવાનો પણ એટલી જ જુએ છે.

આ ફિલ્મ વિશેના અનેક ઈન્ટરવ્યુ અને કાનોકાન વહેતી થયેલી વાતોમાં કયાંક એવી વાત પણ પ્રતિધ્વનિત થાય છે કે આ ફિલ્મમાં કયાંક-કયાંક રાજકપુરના જીવનની ઘટનાઓ પણ ફિલ્મમાં વ્યક્ત થઈ છે.

ફિલ્મમાં જોકર બનતા રાજુનું દિલ એક-બે-ત્રણ વાર તુટે છે, જેમીની સર્કસમાં કામ કરતો રાજુ સર્કસ છોડે છે અને અંતે ફરી એ જ સર્કસમાં આવે છે ત્રણ સ્ત્રી પાત્રો જેમની પ્રત્યે એને આકર્ષણ થયું હતું. પ્રેમ થયો હતો એને એક શૉમાં બોલાવે છે... અદ્‌ભૂત ડાયલોગ્સ અને 'જીના યહાં મરના યહાં, ઈસકે સિવા જાના કહાં...' ગીત સાથે ફિલ્મ વિરામ લે છે... જોકર હંમેશા દુનિયાને હસાવતો રહ્યો છે, હસાવતો રહેશે એ વિશ્વાસ અને આંખોમાં કરુણાની ભીનાશ સાથે દર્શકના મનમાં ફિલ્મ પુરી થતી નથી, જોકર હૃદયમાં જીવંત રહે છે... બાહર-ભીતર એ જોકરનું પાત્ર જાગૃત રહીને જીવન જીવવા માટેનું પાથેય પુરું પાડે છે.

ફિલ્મના ગીતો આજે પણ શ્રોતાના હૃદયમાં એટલા જ તાજા છે, કહેતા હૈ જોકર, જાને કહાં ગયે વો દિન, એ ભાઈ જરા દેખ કે ચલો, તીતર કે દો આગે તીતર, દાગ ના લગ જાયે, મોહે અંગ લગ જા અને સદકે હીર તુજપે... આ હા હા... સાચ્ચે જ મેસ્મેરાઈઝ કરી દે એવા ગીતો છે આ ફિલ્મનાં.

સીમી ગરેવાલે એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે 'રાજકપુર એક એક ડાયલોગ પર ધ્યાન રાખતા. એક દૃશ્યમાં નાનો રાજુ (ઋષીકપુર)' મને કહે છે કે, 'યે મૈં હું ઈસે અપને પાસ રખીયેગા... એ વાક્યના જવાબમાં શું વાક્ય હોય ? મને કહ્યું તમે કહો, મેં કીધું કે બહોત પ્યારા હૈ, તુમ્હારી તરહ... એમને એ વાક્ય ગમ્યું ને એ જ રાખ્યું...'

આ ફિલ્મનું શુટીંગ છ વર્ષ ચાલ્યું હતું. દિલ્હીના રીગલ સિનેમામા RKની ફિલ્મોના પ્રીમીયર થતા હતા. આ થિયેટર ૨૦૧૭મા બંધ કરાયું ત્યારે દર્શકોની માંગથી છેલ્લા બે શૉ RKની ફિલ્મો સંગમ અને મેરા નામ જોકરના રખાયા હતા.

રાજકપુરે હિન્દી સિમેના ઈન્ડસ્ટ્રીમાં એક નોખો રાજમાર્ગ ચાતર્યો... માત્ર ભારત નહિ વિદેશોમાં પણ રાજકપુરની અપાર લોકપ્રિયતા હતી.

રાજકપુર એ ઈન્ટરવ્યુમા કહે છે કે 'વૈસે તો માં કો અપના હર બચ્ચા પ્યારા હોતા હૈ, મગર જો આગે નહીં ચલતા વો આપકે દિલ કે કરીબ આ જાતા હૈ! મેરી ફિલ્મોમે એક તસવીર હૈ મેરા નામ જોકર જો મુજે બહોત અઝીઝ હૈ ! કુછ થા ઈસ મેં જો ફિલ્મ ચલી નહિ યા લોકોં કી સમજ મેં આઈ નહિ...!'

મેરા નામ જોકર હંમેશા
જોવી ગમે એવી ફિલ્મ રહેશે...
રાજકપુર અને એ જોકર માત્ર
સ્ટેચ્યુમાં નહિ... લોકોના હૃદયમાં
સમાયેલા છે... આવી ફિલ્મો
ચરિત્રનિર્માણના - અભિનયના અજવાળા પાથરે છે.

જીવન જીવવું મને આજે સખત લાગે છે! કુરુક્ષેત્રની લડાઈ આજે સતત લાગે છે!

વિચારયાત્રા
ડૉ. જય ઓઝા

જીવન જીવવું મને આજે સખત લાગે છે !
કુરુક્ષેત્રની લડાઈ આજે સતત લાગે છે !

- સ્નેહી અંકલેશ્વરી

અચાનક જ જ્યારે ખબર પડે કે તમારો રસ્તો ખોટો છે; તમારી રીત ખોટી છે; તમે જેને સુખી થવાનો માર્ગ માનો છો; તમે જેને સુખ જેવું સમજો છો, તેને બીજા તમારી સાથે જોડાયેલા લોકો આપણાં વર્તન-વ્યવહારથી સુખી અને સંતુષ્ટ છે. આપણે એમ માનતા હોઈએ છીએ. આપણું વર્તન, આપણો વ્યવહાર, આપણા દરેક કાર્યકલાપ આપણા હિતેચ્છુઓ આપણા આત્મીય દ્વારા હંમેશા સરાહવામાં આવે. આપણે બીજાને સુખ અને સંતોષ આપવાનું તંત્ર આપણે ગોઠવ્યું છે તે તંત્ર ખરેખર સામાવાળાને સુખ અને સંતોષ નથી આપી શકતું એવા સત્યનું ભાન થાય ત્યારે ભૂકંપ આવે છે. ક્યાંક કશુંક ખૂટી રહ્યું છે. કુછ ભી કરો સાલા કમ પડ હી જાતા હૈ.

આપણો પ્રયત્ન રહેતો હોય છે કે, આપણા કાર્યસ્થળ પર આપણે ઉત્તમ કર્મચારી સાબિત થઈએ. આપણા વ્યવસાયમાં આપણે પ્રામાણિક વેપારી સાબિત થઈએ. આપણા ઘરમાં આપણે શ્રેષ્ઠ પુત્ર, ઉત્તમ ભાઈ, શ્રેષ્ઠ પતિ, ઉત્તમ પિતા સાબિત થવાના પ્રયત્નોમાં જીવન વિતાવતા હોઈએ છીએ. જે પરિવારની કાળજી લેવા માટે, જે પરિવારના સુખ માટે સંતોષ માટે આપણે ૨૪ કલાક અને ૩૬૫ દિવસ જે કાર્યકલાપો કરતા હોઈએ તેમાં અચાનક જ અધૂરપ દેખાડવામાં આવે. વાલિયા લૂંટારાને જેમ નારદ મળ્યા હતા અને તેમણે કહ્યું હતું કે તારા પાપના ભાગીદાર તારા ઘરવાળા થવા માગે છે? જે પરિવાર માટે તો આ બધું કરી રહ્યો છે એ પરિવાર આ બધામાં તારો સાથ આપશે ? અને વાલિયા લૂંટારાને જ્યારે પરિવાર કહે છે ના ભાઈ ના આ તો બધા તમારા કર્મો છે અમારે શું લેવાદેવા !! ત્યારે ઈશ્વર કૃપા અને પૂર્વજન્મના સંસ્કારોને લીધે વાલિયો લૂંટારો તો વાલ્મિકી ઋષિ બની શકે પણ મારા તમારા જેવા સામાન્ય માણસો તો ફસડાઈ પડે. છે અચાનક જ બ્રહ્મજ્ઞાન લાધે કે જેને આપણે આપણું કર્તવ્ય અને આપણા વ્યવહારને પરિવારનું સ્વાર્પણ માન્યું હતું તે વાસ્તવમાં આપણા આત્મીયોને કે સ્નેહીઓને સંતોષ આપતું નથી, ત્યારે નવેસરથી ચિંતન શરૂ કરવું પડે છે.

માન્યુ કે પરિવારમાં અળખમણો છું પણ,
ઘરમાં ના હોઉં ત્યારે બધાને ફિકર પડે

- બાલુભાઈ પટેલ

જીવન આમ તો ચડાવ-ઉતારનું નામ છે. પરિસ્થિતિઓ એક જેવી હંમેશા રહેતી નથી. સંજોગો બદલાય છે. લોકો બદલાય છે. અપેક્ષાઓ ઈચ્છાઓના વમળમાં ધસાતા જવાય છે. જીવનમાં આવું થવું સ્વાભાવિક પણ છે અને આવશ્યક પણ છે. તકલીફ તો ત્યારે પડે છે જ્યારે આપણે સમજ્યા હોઈએ કે આપણો પરિવાર આપણા આપ્તજનો સ્નેહીઓ માટેનો આપણો વ્યવહાર અકારો થઈ પડે. આપણી વાત સમજાવવા માટે મૌન કામે ન લાગે, તેની માટે શબ્દોનો સહારો શોધવો પડે..ખૂલીને વાતચીતના દ્વાર બંધ થઈ જાય. ત્યારે અવાચક્ થઈ જવાય છે.

જે આત્મીયો આપણા કેન્દ્રસ્થાને છે. આપણા જીવનનાં વર્તુળમાં છે. જેની માટે આપણા દરેક કાર્યકલાપ છે. આપણો શ્રમ છે. આપણું જીવન જેને સમર્પિત છે. એ જ પરિવારજનો એ જ સ્નેહીઓ જ્યારે અસંતુષ્ટ રહે, દુઃખી થાય ત્યારે આત્મચિંતન અને આત્મનિરીક્ષણ કરવું પડે ક્યાં ચૂંક રહી ગઈ? શું ખોટું થયું?

"અતિ સ્નેહ ખલુ પાપશંકી" કાલિદાસે આ પંક્તિ લખી છે. ન હોય ત્યાંથી દુઃખી થવાની અને દુઃખ ઊભું કરવાની પરિસ્થિતિઓ સર્જવામાં માણસો માહેર છે. બધુ સરેડાટ ચાલતું હોય ત્યારે અકોણા વિચારો ક્યાંક ધરબી દીધેલો અસંતોષ લાવાની જેમ બહાર કાઢે છે. આપણે બધા જ પરિસ્થિતિઓ સાથે સમાધાન કરીને જીવતા હોઈએ છીએ. આ નિયમ અંબાણી માટે પણ એટલો જ લાગુ પડે છે જેટલો મારા-તમારા જેવા સામાન્ય જન માટે પણ લાગુ પડે છે. પૈસો હોવો એ સુખની વ્યાખ્યા નથી એ તો હવે આપણે સમજી ચૂક્યા છીએ.

વાગે જો ઠેસ તો લોહી જ નીકળે,
છો ને તમારા ઘરમાં હો સોનાનો ઉંબરો ..

- રમેશ પારેખ

ત્યારે પરિસ્થિતિ પ્રમાણે જીવવાનું આપણા અમુક સ્વપ્નોને કે જે પૂરા ન થઈ શકે તેવા હોય તેને દાબીને જીવવાનું નક્કી જ હોય છે. આવો અસંતોષ આવા ઝૂરાપા પછી એક સાથે બહાર આવે છે. માણસ આખા જગત સામે બાથ ભીડી શકે છે પણ જ્યારે જેની હૂંફમાં જગતભરના પ્રહારોથી બચવાનું હોય તે હૂંફાળા આત્મીયો જ આપણી અપૂર્ણતાનો રાગ આલાપે ત્યારે અકથ્ય મૂંઝવણ અનુભવાય છે.

અપૂર્ણતાનો આવો અનુભવ ન થાય કોઈને,
સૂકાઈ જાય ફૂલ ને ખરી ન શકે

- આદિલ મન્સૂરી

આ માનસિક પરિતાપ ન તો કહેવાય ન તો સહેવાય તેવો હોય છે. કવિશ્રી હરિન્દ્ર દવેની શાશ્વત પંક્તિ છે કે, "કોઈનો પ્રેમ કદી ઓછો હોતો નથી, આપણી અપેક્ષાઓ જ વધારે હોય છે." બસ આ ચક્રવ્યુહમાંથી નીકળવાનો એક જ માર્ગ છે-શબ્દો પર અને મનોભાવો પર નિયંત્રણ લાવી દેવાનું. એ જરૂરી નથી કે આપણી દરેક વાત બધા એક દૃષ્ટિકોણથી સમજે જેવી આપણે સમજાવવા માંગતા હોઈએ, આખરે તો એ આપણા સ્નેહી છે. અને આપણે જ તેમને જતનથી જાળવવાના છે.

કહે છે કે, વિવાદ શમાવવા માટે સંવાદ કરવો પડે છે. જ્યારે આપણી વાત અવળે માર્ગે જ લેવાતી હોય ત્યારે કરવામાં આવતો સંવાદ પણ વિવાદમાં પરિણમે છે. આથી ઘણીવાર મૌન બની જવામાં જ ભલાઈ હોય છે.

છે અટકચાળા, અકોણા દાંડ પણ પૂરેપૂરા
શું કરું ક્યારેક શબ્દો પર ચડે છે ચીડ પણ

- રાજેન્દ્ર શુક્લ

- jayuoza@gmail.com,
Mo.9898046488

રોમાંચિત કરતો 'રેટ્રો' નામનો રૂપકડો શબ્દ...

આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

સૌનકે શહેરના પોશ વિસ્તારમાં આવેલા એના બંગલાને ટ્રેડિશનલ જૂના જમાનાની ભાતીગળ વસ્તુઓથી સુંદર રીતે સજાવ્યો છે. થોડા દિવસ પહેલાં સૌનકનો બાળપણનો મિત્ર ઘણા વર્ષો પછી વિદેશથી એને મળવા માટે આવ્યો. ઘરમાં પ્રવેશતા વેંત સૌનકને ઉમળકાથી ભેટી પડ્યો. ડ્રોઈંગ રૂમમાં ટ્રેડિશનલ ગામઠી સ્ટાઈલની કોતરણીવાળી દિવાલો, પૌરાણિક અંદાજમાં બનાવેલુ આકર્ષક ફર્નિચર વગેરે જોઈને આ વિદેશથી આવેલો મિત્ર ખૂબ રોમાંચિત થઈ ગયો. એણે સૌનકને કીધું, 'બીજું બધું પછી યાર, પહેલા તારો આખો બંગલો દિલથી જોઈ લેવા દે. 'રેટ્રો ઈમ્પેક્ટ' બંગ્લો લાગે છે.'

આ બન્ને મિત્રોની વાતમાં એક શબ્દ 'રેટ્રો' આવ્યો. આ શબ્દ હમણાં હમણાંથી બહુ ચલણમાં છે. મૂળતઃ રેટ્રો શબ્દ લેટિન ભાષાનો છે. જેનો સીધો અર્થ એટલો જ થાય કે, અતિતની તરફનું પ્રયાણ. પણ જરા વિસ્તારથી આ શબ્દને સમજીએ તો ભૂતકાળની યાદને તાજી કરે એવી વર્તમાનની ફેશન એટલે રેટ્રો. પછી એ કપડાં હોય કે સંગીત, ડિઝાઈન હોય કે સ્થાપત્ય. આ તમામ બાબતમાં ભૂતકાળની સુવાસ અનોખા અંદાજથી મહેસુસ થતી હોય એ જ 'રેટ્રો ઈમ્પેક્ટ'. આજકાલ રેટ્રો શબ્દ બહુ ચાલે છે. પ્રાચીન યુગના સૌદર્યશાસ્ત્ર અને રૂચિની આધુનિક યુગને મળતી પ્રેરણા એટલે રેટ્રો. કાળક્રમે દાયકા પહેલાની ફેશન નવા સ્વરૂપે નવા અંદાજમાં નવા જમાનામાં હોંશે હોંશે અપનાવાતી હોય છે.

ફેશનના સંદર્ભમાં જ રેટ્રો ઈંપેક્ટ સમજીએ તો આજથી બે ત્રણ દાયકા પહેલાં 'નેરો સ્લીમ ફીટ પેન્ટલ્ની ફેશન હતી. ૭૦ અને ૮૦ના દશકમાં આવેલી ફિલ્મોના અદાકારો શમ્મીકપુર, રાજકુમાર, રાજેન્દ્રકુમાર વગેરેના પહેરવેશમાં શોર્ટ મોરી અને નેરો સ્લીમફીટ પેન્ટ જ જોવા મળતાં. આજે ત્રણ સાડા ત્રણ દાયકા પછી યુવાનો નેરો સ્લીમફીટ પેન્ટ પહેરી રહ્યા છે. રેટ્રોનો આ સૌથી મોટો સમજી શકાય એવો બોલતો પૂરાવો છે.

એક પ્રશ્ન એ પણ થાય કે, રેટ્રો એટલે પૌરાણિક જ વાત અને વીન્ટેજ શબ્દ પણ પૌરાણિક બાબતો સાથે જ સંકળાયેલો છે તો પછી 'રેટ્રોલ્ન અને 'વીન્ટેજ' વચ્ચે ભેદ શો ? 'રેટ્રો' અને 'વીન્ટેજ' આ બન્ને શબ્દો ભૂતકાળની વાત સાથે સંકળાયેલા ચોક્કસ છે, પરંતુ આ બન્ને વચ્ચે સૌથી મોટો તફાવત સમયગાળાનો છે. સામાન્ય રીતે વીન્ટેજ શબ્દ એ અત્યંત પ્રાચીન વસ્તુ સાથે રીતે સંકળાયેલો શબ્દ છે. જે બાબત ૧૦૦ વર્ષ કે તેથી વધુ સમયગાળા પહેલાં ઉપયોગમાં લેવાતી હોય એની માટે વીન્ટેજ શબ્દ ઉપયોગમાં લેવાય છે.

રાજા મહારાજાઓના મહેલમાં સદી પુરાણી કાર લોકો રસપૂર્વક જોતાં હોય છે. આની માટે 'વીન્ટેજ કારલ્ન શબ્દ પ્રચલિત છે. સંભવતઃ વીન્ટેજ શબ્દ એન્ગલો-ફ્રેન્ચ 'વેન્ડેજ' કે પછી 'વેન્ડેજે'માંથી ઉતરી આવ્યો હોય એમ લાગે છે. ૧૫મી સદીમાં ઉપયોગમાં લેવાતો લેટિન શબ્દ 'વીન્ડીડેયા'ને 'વીન્ટેજ' તરીકે અપનાવાયો હોય એમ લાગે છે. જ્યારે 'રેટ્રો' શબ્દની વિભાવના 'પાછલી અસર' એવો થઈ શકે. ઘણી વાર એવું પણ આપણે સાંભળતા હોઈએ છીએ કે આ ઓર્ડર 'રેટ્રોસ્પેક્ટિવ ઈફેક્ટ'થી અમલમાં આવશે. એટલે એના લાભો પાછલી અસરથી મળવાપાત્ર રહેશે. સામાન્ય રીતે બે થી સાત-આંઠ દાયકાઓ સુધીની પૌરાણિક બાબતોને રેટ્રો છે.

જો કે, રેટ્રો અને વીન્ટેજ બન્ને પ્રાચીન સમયની વાત અને પૌરાણિક પ્રવાહો સાથે જોડાયેલા શબ્દો છે. આપણી રહેણી કરણી, વિચારધારા, અનુમાનો, આપણે કલ્પના પણ ન કરી હોય એવી રીતના 'રિવાઈન્ડ મોડ' ઉપર આવી જતા હોય છે. વર્ષ ૧૯૪૩માં આઈબીએમના ચેરમેન થોમસ વોટસન એવું કહેતાં હતાં કે, 'આખા જગતમાં વધુમાં વધુ પાંચ-સાત પર્સનલ કોમ્પ્યુટર જ વેચી શકાશે.' આજે ઘરે ઘરે, ટેબલે ટેબલે પર્સનલ કોમ્પ્યુટર જરૂરિયાત બનીને ઊભરી આવ્યા છે ત્યારે થોમસ વોટસનની આ વાત જાણીને હસી ન પડાય ? એવી જ રીતે વર્ષ ૧૯૭૬માં વેસ્ટર્ન યુનિયનના એક મેમોમાં એવું જણાવવામાં આવ્યું હતું કે, 'ટેલિફોન નામના સાધનમાં ઘણી બધી ત્રુટિઓ છે. સંદેશા વ્યવહારના આ સાધન પર બહુ આશા રાખી શકાય એમ નથી. સંદેશાવ્યવહાર માટે તેનું કોઈ મહત્વ જોઈ શકાતું નથી.' કલ્પના કરો, એ જમાનાના ટેલિફોન વિષેની આ વાત આજે અબાલવૃદ્ધ સૌના હાથમાં